મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

G NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૬-૦૪-૨૦૨૬
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૫૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## ગુજરાતમાં LPG અછત વચ્ચે કેરોસીન વિતરણનો નિર્ણય: ગ્રામ્ય વિસ્તારોને મળશે રાહત

# પરિવાર દીઠ ૫ લિટર, સંસ્થાઓને ૨૫ લિટર-ઓનલાઈન અરજીથી વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

ગુજરાત રાજ્યમાં LPGની અછત વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કેરોસીન વિતરણ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની સૂચનાના આધારે કેરોસીન ડીલર એસોસિયેશન તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલન કરીને વધારાની વિતરણ વ્યવસ્થા ગોઠવી છે.

ઈરાન યુદ્ધની પરિસ્થિતિને કારણે સમગ્ર દેશમાં LPG પુરવઠામાં ખોટ ઊભી થઈ છે, જેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે તાત્કાલિક પગલાં લીધા છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને કુલ ૧૪૫૨ કિલોલિટર (KL) કેરોસીન ફાળવવામાં આવ્યું છે, જેમાંથી દરેક જિલ્લામાં ૩૬ KLની ફાળવણી કરવામાં આવી છે.

આ કેરોસીન મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં વિતરણ કરવામાં આવશે. યોજના મુજબ પરિવાર દીઠ ૫ લિટર અને સંસ્થાઓને ૨૫ લિટર કેરોસીન આપવામાં આવશે. મોટા પરિવારો તથા મોટી સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

કેરોસીનનો ઉપયોગ માત્ર રસોઈ અને પ્રકાશ માટે જ કરવાની મંજૂરી આપવામાં આવી છે. વિતરણ માટે અરજીઓ સ્વીકારવા ફ્રેંઝ દ્વારા વિશેષ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે, જેના માધ્યમથી લાભાર્થીઓ અરજી કરી શકશે.

રાજ્યમાં કેરોસીનના સંગ્રહ માટે બરોડા અને પાલનપુર ખાતે બે સ્ટોરેજ ડેપો નક્કી કરવામાં આવ્યા છે. સાથે જ દરેક તાલુકામાં એક પેટ્રોલ પંપ પરથી વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા સ્તરે ઓછામાં ઓછા ૧૨,૦૦૦ લિટરની ઓનલાઈન માંગણી પ્રાપ્ત થતાં જ તાત્કાલિક સપ્લાય ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ભાવ બાબતે ટ્રાન્સપોર્ટ તથા અન્ય ખર્ચને ધ્યાનમાં રાખીને પ્રતિ લિટર રૂ. ૬૧.૪૦ થી ૬૬.૧૪ સુધીનો દર નક્કી કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારોમાં ગેસની અછત વચ્ચે લોકોને રાહત મળશે તેવી અપેક્ષા છે.

**ઉપયોગ: આ કેરોસીનનો ઉપયોગ માત્ર રસોઈ બનાવવા અને પ્રકાશ (લાઇટ) માટે જ કરી શકાશે**

### ઓનલાઈન અરજી અને સપ્લાય ચેઈન

**વિતરણ વ્યવસ્થાને પારદર્શક બનાવવા માટે NIC દ્વારા વિશેષ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાં લાભાર્થીઓ અરજી કરી શકશે. રાજ્યમાં કેરોસીનના સંગ્રહ માટે બરોડા અને પાલનપુર ખાતે બે મુખ્ય સ્ટોરેજ ડેપો નક્કી કરાયા છે. દરેક તાલુકાના એક પેટ્રોલ પંપ પરથી વિતરણની વ્યવસ્થા રહેશે. જ્યારે પણ જિલ્લા સ્તરે ૧૨,૦૦૦ લિટરની ઓનલાઈન માંગણી નોંધાશે, ત્યારે તાત્કાલિક સપ્લાય પૂરો પાડવામાં આવશે.**

### પ્રતિ લિટર ભાવ

**ટ્રાન્સપોર્ટેશન અને અન્ય આનુષંગિક ખર્ચને ધ્યાનમાં રાખીને કેરોસીનનો ભાવ પ્રતિ લિટર રૂ. ૬૧.૪૦ થી રૂ. ૬૬.૧૪ ની વચ્ચે નક્કી કરવામાં આવ્યો છે. સરકારના આ ત્વરિત નિર્ણયથી ગેસની અછતનો સામનો કરી રહેલા ગ્રામીણ નાગરિકોને મોટી રાહત મળશે.**

### વિતરણના નિયમો અને જથ્થો

**આ યોજના હેઠળ કેરોસીન મેળવવા માટે નીચે મુજબના માપદંડો નક્કી કરવામાં આવ્યા છે: પરિવાર દીઠ ફાળવણી: દરેક પરિવારને ૫ લિટર કેરોસીન આપવામાં આવશે.**




## મંદિરના ગેટ પાસે પાર્ક કરેલું વાહન ગાયબ; પોલીસમાં ફરિયાદ નોંધાઈ

# પવિત્ર યાત્રાધામ બહુચર માતાજીના મંદિરે દર્શન કરવા ગયેલા શ્રદ્ધાળુની બાઈક ચોરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

યાત્રાધામ બહુચરાજીમાં બાઈક ચોરીની ઘટના સામે આવી છે, જેમાં મંદિરમાં દર્શન કરવા આવેલા એક શ્રદ્ધાળુનું વાહન અજાણ્યા તસ્કર દ્વારા ચોરી કરવામાં આવ્યું છે. આ અંગે ભોગ બનનાર દ્વારા બેચરાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બહુચરાજીના હરગોવનપુરા વિસ્તારમાં રહેતા નરેન્દ્રકુમાર ઉમીયાશંકર જાની તારીખ ૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાત્રે પોતાની પત્ની સાથે શંખલપુર ખાતે બહુચર માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. તેમણે પોતાની હીરો કંપનીની એચ.એફ. ડીલક્સ બાઈક (નંબર GJ-02-EB-2968) મંદિરના પ્રથમ ગેટ પાસે પાર્ક કરી હતી.

દંપતી દર્શન અને મેળાની મુલાકાત બાદ રાત્રે આશરે ૧૧ વાગ્યે




પરત ફર્યા ત્યારે પાર્ક કરેલી જગ્યાએ તેમનું બાઈક જોવા મળ્યું નહોતું. ત્યારબાદ આસપાસના વિસ્તારો તથા શંખલપુર ગામમાં શોધખોળ કરવામાં આવી, છતાં કોઈ પતો લાગ્યો નહોતો.

અંદાજે રૂ. ૫૦,૦૦૦ કિંમતનું બાઈક અજાણ્યા ચોર દ્વારા ચોરી કરી નાસી છૂટ્યો હોવાનું સામે આવ્યું છે. અંતે પીડિતે બેચરાજી પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને આસપાસના CCTV ફૂટેજના આધારે આરોપીને શોધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## ગણપત યુનિવર્સિટી દ્વારા મહેસાણામાં આયોજિત 'કેરીઅર પે ચર્ચા' કાર્યક્રમને મળી ભવ્ય સફળતા!

# ૬૦૦થી વધારે વિદ્યાર્થીઓ અને વાલીઓએ મેળવ્યું કારકિર્દી અંગેનું મૂલ્યવાન માર્ગદર્શન

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

ધોરણ દસ અને બાર પછી શું ? - એ સંદર્ભે વિદ્યાર્થીઓને વિગતવાર અને અધિકૃત માહિતી અને મૂલ્યવાન માર્ગદર્શન મળે એવા ઉદાત હેતુ સાથે ગણપત યુનિવર્સિટીએ તાજેતરમાં એક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કર્યું હતું.

×મહેસાણા એકેડેમિક એસોસિએશન×ના સહયોગમાં યોજાઈ ગયેલા આ કાર્યક્રમમાં ગુજરાતના સુખ્યાત શૈક્ષણિક કાઉન્સિલર માનનીય શ્રી અશોક ગજ્જરે એમના જ્ઞાન અને અનુભવનો લાભ આપતા ધોરણ દસ અને બાર પછીના કારકિર્દી વિકલ્પો, ડિપ્લોમા અને હાયર સેકન્ડરી વચ્ચેની પસંદગી તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઉભરતા જતાં નવા કારકિર્દી વિકલ્પો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૪૦૦થી વધુ



વાલીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની અવસરને વધુ સાર્થક બનાવ્યો હતો. વિદ્વાન અને જાણીતા કારકિર્દી માર્ગદર્શક શ્રી અશોક ગજ્જરે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કારકિર્દી બાબતે યોગ્ય નિર્ણય લેવા માટે જરૂરી કૌશલ્ય, સકારાત્મક દ્રષ્ટિકોણ અને આત્મવિશ્વાસનું પણ ઘણું મહત્વ છે. સાથે સાથે યુવાઓમાં વધતા માનસિક દબાણ, માતા - પોતાની અપેક્ષાઓ અને અસર અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને તારુણાવસ્થા અને યુવા વયે માતા - પિતા સાથેના સંબંધોમાં ઊભા થતા તણાવ વિષે પણ શ્રી અશોક ગજ્જરે જીવનનાં ઉત્તમ મૂલ્યો અને માતા-પિતાના વાત્સલ્ય સંદર્ભે વાત કરી ત્યારે ઉપસ્થિત વાલીઓ અને સંવેદનશીલ વિદ્યાર્થીઓની આંખમાંથી આંસુઓ સરી પડ્યાં હતાં!

કાર્યક્રમ ખુબ જ ઈન્ટરએક્ટિવ અને પ્રેરણાદાયી રહ્યો હતો, જેના કારણે વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્ય અંગે સ્પષ્ટતા મળી અને તેઓ વધુ આત્મવિશ્વાસ સાથે કારકિર્દીમાં આગળ વધવા પ્રેરાયા.

આ કાર્યક્રમની સફળતા માટે મહેસાણા એકેડેમિક એસોસિએશનના તમામ હોદ્દેદાર સાહેબો અને ગણપત યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. શ્રી સત્યેન પટેલ, ડિપ્લોમા કોર્સીસના ડીન પ્રો. ડૉ. શ્રી કે. પી. પટેલ, એડમિશનના ઉચ્ચ અધિકારી શ્રી રવીન્દ્ર પ્રજાપતિ અને પ્રો ઈશાન સહિત અનેક અધ્યાપકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## મહેસાણામાં વરિષ્ઠ નાગરિકો માટે આયોજિત વિશેષ ધ્યાન શિબિરનું આજે સમાપન

# વિશ્વ સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે કલેક્ટર અને એસ.પી.ને ઓશો સાહિત્યની ભેટ અપાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૬

વિશ્વ સ્વાસ્થ્ય દિવસની પૂર્વસંધ્યાએ મહેસાણામાં સામાજિક અને આધ્યાત્મિક જાગૃતિનો માહોલ જોવા મળી રહ્યો છે. ઓમ શાંતિ ઓશો લાઈબ્રેરી દ્વારા વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય માટે વિશેષ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું આવતીકાલે સમાપન થશે.

આ પ્રસંગે શિબિરના વ્યવસ્થા પ્રમુખ દિનેશભાઈ ચૌધરી, સ્વામી ઓમ શાંતિ અને યોગ ગુરૂ પ્રભાતભાઈ દેસાઈએ મહેસાણાના કલેકટર જે.એમ. જગોડા તથા એસ.પી. હિમાંશુ સોલંકીની મુલાકાત લીધી હતી. મહાનુભાવોને 'ઓશો સરલ ધ્યાન વિધિયાં' પુસ્તક અને 'ઓશો વર્લ્ડ' પત્રિકા ભેટ આપીને સ્વાસ્થ્ય દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.વૃંદાવન ગાર્ડન, નાગલપુર ખાતે ૧લી એપ્રિલથી શરૂ થયેલી આ શિબિરમાં વરિષ્ઠ નાગરિકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. શિબિર સંચાલક સ્વામી ઓમ શાંતિએ જણાવ્યું હતું કે, જો રોજિંદા જીવનમાં પ્રાણાયમ અને ધ્યાન અપનાવવામાં આવે તો જ જીવનમાં સાચું સ્વાસ્થ્ય મેળવી શકાય છે. શિબિરમાં ઓશો નિર્દેશિત વિવિધ પદ્ધતિઓ જેવી કે: આ તમામ પદ્ધતિઓનો સવારે ૬:૩૦ થી ૭:૩૦ દરમિયાન અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે.શિબિરમાં યોગ ગુરૂ પ્રભાતભાઈ દેસાઈ અને યોગ શિક્ષક યોગ કિર્તિ દ્વારા પ્રાણાયમનો સઘન અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. આ સમગ્ર આયોજનમાં સહ-સંયોજક શ્યામ મુરારી ગોયલ અને વ્યવસ્થાપક દિનેશભાઈ ચૌધરી જહેમત ઉઠાવી રહ્યા છે. આવતીકાલે ૭મી એપ્રિલે વિશ્વ સ્વાસ્થ્ય દિવસના રોજ આ શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવશે.

## સમાજ એકતા અને સહયોગનો અનોખો ઉત્સવ : રાવળ-યોગી સમાજ સેવા મંડળ દ્વારા પાંચમું સમૂહ લગ્ન ભવ્ય રીતે યોજાયું

# નુગર ખાતે કડવા પાટીદાર શિક્ષણ સંકુલમાં ૨૧ યુગલોએ બંધાયા વૈવાહિક બંધનમાં

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

મહેસાણા તાલુકાના રાવળ-યોગી સમાજ સેવા મંડળ દ્વારા આયોજિત પાંચમું સમૂહ લગ્નોત્સવ તા. ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ નુગર મુકામે આવેલ કડવા પાટીદાર શિક્ષણ સંકુલ ખાતે ભવ્ય રીતે યોજાયું હતું. આ પ્રસંગે કુલ ૨૧ વરઘડિયાઓએ પ્રભુતામાં પગલાં માંડીને નવા જીવનની શરૂઆત કરી હતી.

આ સમૂહ લગ્નોત્સવમાં સમાજના આગેવાનો, મહાનુભાવો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત



**આવો સમૂહ લગ્નોત્સવ સમાજ માટે પ્રેરણાદાયક સાબિત થયો છે અને ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.**

રહી નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુવ્યવસ્થિત અને શ્રેષ્ઠ આયોજન સાથે પૂર્ણ થયો હતો.સમૂહ લગ્ન સમિતિના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ યોગી તથા મહામંત્રીશ્રી રમેશભાઈ રાવળના નેતૃત્વ હેઠળ સમિતિના તમામ સભ્યોએ ઉમદા આયોજન કરી સમાજમાં એકતા અને સહયોગનો સુંદર સંદેશ આપ્યો હતો.

આવો સમૂહ લગ્નોત્સવ સમાજ માટે પ્રેરણાદાયક સાબિત થયો છે અને ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**કડવા પાટીદાર શિક્ષણ સંકુલ ખાતે સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં નવદંપતિઓને આશીર્વાદ અપાયા; સામાજિક એકતાનો અનોખો સંદેશ**

**સૌરાષ્ટ્રની ૬ મહાનગરપાલિકા ૧૧ જિલ્લા પંચાયત, ૮૨ તાલુકા પંચાયત અને ૨૭ નગરપાલિકાની ચૂંટણી લડવા રાજકીય પક્ષો સજ્જ**

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ : ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ

ગાંધીનગર તા.૬

રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ આજે પ્રસિધ્ધ કરાતાની સાથે જ રાજકીય ગરમાવો આવી જવા પામેલ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં છ મહાનગરપાલિકા, ૧૧ જીલ્લા પંચાયત, ૮૨ તાલુકા પંચાયત અને ૨૭ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે.




રાજકીય પક્ષો દ્વારા સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી માટે ઉમેદવારોની યાદી તબકકાવાર જાહેર કરવામાં આવી રહી છે. તેની સાથે જ ઉમેદવારો દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીનું જાહેરનામુ આજે પ્રસિધ્ધ થતા જ ઉમેદવારો તા.૧૧ એપ્રિલ સુધી નામાંકન પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ કરાવી શકશે. જયારે તા.૧૩ એપ્રિલના રોજ ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવશે.

ત્યારબાદ તા.૧૫ એપ્રિલ સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. તા.૧૫મીના સાંજના ચૂંટણી ચીત્ર સ્પષ્ટ થઈ જશે. ત્યારબાદ તા.૨૬ના સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન મતદારો કરી શકશે. જયારે મતગણતરી તા.૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુખ્યત્વે ચૂંટણી જંગ ખેલાશે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવા માટે છ સ્થળો પર વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ચૂંટણી આયોગ અને વહીવટી તંત્ર આદર્શ આચાર સંહિતાના અમલીકરણ માટે પગલા લેવામાં આવી રહ્યા છે.

ચૂંટણી કામગીરી માટે કર્મચારીઓના ઓર્ડરો ઈશ્યુ કરવામાં આવી રહ્યા છે. તેની સાથોસાથ કર્મચારીઓ અને અધિકારીઓની બદલી અને રજા મંજુર કરવા પર રોક લગાવી દેવામાં આવી છે.

આ ઉપરાંત કોઈપણ જાતની નાણાકીય ગ્રાંટ તેમજ વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી કરવા પર પણ રોક લગાવી દેવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે વહીવટી તંત્ર અને ચૂંટણી આયોગે એકશન મોડમાં આવી ધડોધડ પગલા લેવાનું શરૂ કરી દીધું છે તેની સાથે જ રાજકીય પક્ષો પણ બેઠકો અંકે કરવા માટે મતદારોને રીઝવવા માટે પ્રચાર કામગીરી આજથી આરંભી દેવામાં આવી છે.

**કોવિડ પછી સર્જાયેલી તેજીને ઓચિંતી બ્રેક લાગી ગઈ**

# રાજયમાં બાંધકામ ઉદ્યોગ ધીમો પડયો : ઓછા પ્રોજેકટ લોન્ચ

**રોજગારી સર્જનમાં અવલ્લ ગણાતા ક્ષેત્રમાં ૨૦૨૬ના નાણાકીય વર્ષમાં અગાઉના ચાર વર્ષ કરતા સૌથી ઓછા ૧૬૧૦ નવા રેસીડેન્સ - કોમર્શિયલ પ્રોજેકટનો પ્રારંભ**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૬

વાઈબ્રન્ટ ગુજરાત તરીકે વ્યાપાર-ઉદ્યોગથી ધમધમતા અને આગામી સમયમાં રાજયમાં કોમનવેલ્થની ઓલીમ્પીક સુધીની તૈયારીઓના કારણે રાજયમાં રીયલ એસ્ટેટ ઉદ્યોગ માટે મોટી આશા બંધાઈ હતી અને કોવિડના સમયગાળા બાદ ગુજરાત ફરી આળસ મરડીને બેઠું થયું હોય તેમ રિયલ એસ્ટેટમાં પણ તેજીની સ્થિતિ હતી પણ તેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઓચિંતા જ બ્રેક લાગી ગઈ છે.ગુજરાતના રીયલ એસ્ટેટમાં ૨૦૨૬ના નાણાકીય વર્ષ (૨૦૨૫/૨૬)માં કોવિડ કાળ બાદના સૌથી ઓછા ૧૬૧૦ નવા પ્રોજેકટનું લોન્ચીંગ થયું છે. લગભગ ચાર વર્ષ સુધી ગુજરાતનો રીયલ એસ્ટેટ ઉદ્યોગ ધમધમતો રહ્યો છે પણ અચાનક જ આપેલી આ સ્થિતિ માટે એક તરફ છેલ્લા ચાર વર્ષમાં જે રીતે મોટા પાયે નવા પ્રોજેકટ લોન્ચ થયા પછી તેમાં સપ્લાય વધી ગઈ અને ડિમાન્ડ એટલે કે માંગ તો સ્થિર જ રહી હતી.



**અગાઉ પણ શરૂ થયેલા પ્રોજેકટમાં હજું બાંધકામ ચાલુ છે : માર્કેટમાં ‘માલ ભરાવો’ બિલ્ડર્સ સાવધાનીથી આગળ વધી રહ્યા છે**

વધુ પડતા બિન વેચાયેલા આવાસોનો ભરાવો થતા જ બિલ્ડર્સ વર્ગ માટે તેનું રોકાણ પણ રોકાઈ ગયું હતું તો બીજી તરફ છેલ્લા એક વર્ષથી ટ્રમ્પના કારણે આયાત-નિકાસમાં ટેરિફની જે અનિશ્ચિતતા રહી તે પણ એક ભૂમિકા બનાવી ગયુ છે. અમદાવાદ જે રીયલ એસ્ટેટમાં રાજયને લીડ કરે છે ત્યાં પણ ૫૦૬ પ્રોજેકટ જ લોન્ચ થયા હતા.

વાસ્તવમાં ૨૦૨૧ પછી લોકો એ જે રીતે પોતાની લાઈફસ્ટાઈલ સુધારી અને અપગ્રેડ થઈ રહ્યા હતા તેના કારણે શહેરી ક્ષેત્રોમાં લોકોની વધુ સુવિધાવાળા આસામની માંગ વધુ સારા ડેવલપ વિસ્તારમાં જવાની તૈયારી કરતા આવાસની ડિમાન્ડ વધી ગઈ છે અને ૨૦૨૧ બાદ વર્ષે સરેરાશ ૧૭૦૦ કે તેથી વધુ પ્રોજેકટ લોન્ચ થતા રહ્યા હતા પણ ૨૦૨૬ના નાણાકીય વર્ષના અંતે અગાઉ કરતા ૨૧૧ પ્રોજેકટ ઓછા લોન્ચ થયા આ અંગે કેડાઈના તેજસ, જોષી કહે છે કે ચાર વર્ષમાં જે પ્રોજેકટ લોન્ચ થયા તેમાં પણ હજું અનેક બાંધકામ હેઠળ છે.

સામાન્ય રીતે મોટા પ્રોજેકટમાં સરેરાશ ૩ વર્ષમાં તે પુરો થાય છે અને નવા પ્રોજેકટ લોન્ચીંગમાં બિલ્ડરો હવે થોડી સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે. કોમનવેલ્થ આયોજનને એક ફેકટર ગણવા સામે અનેક નિષ્ણાંતો પ્રશ્ન ઉઠાવે છે કે તે એક હ્લકામચલાવ‘ સ્થિતિ છે. કાયમી ડિમાન્ડ ઉભી નહી કરે.

રાજયભરમાં નવા પ્રોજેકટનું રેસીડેન્શીપના રજીસ્ટ્રેશ ૬૬૩નુ છે. જેમાં કોમર્શિયલ રેસીડેન્સનું કુલ ૫૧૮ અને કોમર્શિયલ ૨૩૩ અને લેન્ડ ડેવલપમેન્ટ ૧૯૬ જેમાં અમદાવાદમાં ૫૦૬ વડોદરા ૨૦૯ સુરતમાં ૩૨૮ ગાંધીનગર ૧૬૯ રાજકોટ ૧૦૯ ભાવનગર ૮૭ જામનગર ૨૫ જુનાગઢ ૧૯નો સમાવેશ થાય છે.

ફકત રેસીડેન્શીપમાં અમદાવાદમાં ૨૨૩ વડોદરા ૧૨૩ સુરત ૯૫ ગાંધીનગર ૭૩ અને રાજકોટ ૪૨નો સમાવેશ થાય છે. જયારે સૌરાષ્ટ્રમાં ફકત કોમર્શિયલ પ્રોજેકટમાં રાજકોટમાં ૨૭ જામનગરમાં ૧૭નો સમાવેશ થાય છે. સમગ્ર રીતે અમદાવાદમાં સૌથી વધુ વૈવિધ્યતા ધરાવતા પ્રોજેકટ લોન્ચ થાય છે.

**કોંગ્રેસ પ્રમુખ બોલવામાં ભાન ભુલ્યા**

# મોદીજી, તમે ગુજરાતની અભણ પ્રજાને મુખ બનાવી શકો, કેરલમના લોકોને નહીં : ખરગે

**મોદી વિરોધમાં ખરગેએ ગુજરાતીઓને મુર્ખ કહી દીધા**

નવી દિલ્હી, તા.૬

કેરલમ વિધાનસભા ચૂંટણી માટે આગામી ૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મતદાન યોજાશે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા કેરલમમાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે.

ત્યારે કેરલમમાં ચૂંટણી પ્રચાર કરી રહેલા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. કેરલમના ચૂંટણી પ્રચાર દરમિયાન ખડગેએ ગુજરાતીઓને અશિક્ષિત-અભણ ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ‘મોદીજી ગુજરાતની અભણ પ્રજાને મૂર્ખ બનાવી શકે, કેરલમની નહીં...‘



કેરલમના લોકોને ગેરમાર્ગે દોરશો નહીં. તેઓ ખૂબ જ હોંશિયાર છે, તેઓ શિક્ષિત છે. મોદીજી, વિજયન (કેરલમના મુખ્યમંત્રી પિનારાયી વિજયન), તમે બંને એવા લોકોને મૂર્ખ બનાવી શકો છો જેઓ ગુજરાતમાં કે અન્ય સ્થળોએ અભણ છે, પરંતુ તમે કેરલમના લોકોને મૂર્ખ બનાવી શકતા નથી.

કેરલમના લોકો માત્ર કેરલમમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે. તેઓ કામ કરી રહ્યા છે અને ભારતને પૈસા મોકલી રહ્યા છે.

**જાહેર નોટીસ**

**શ્રી કે.એલ. ગોસ્વામી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધરણીધરની કોર્ટમાં**

જન્મ-મરણ નોંધણી/એસ.આર.નં.૧/૨૦૨૬

અરજદાર : શ્રી વજીર નગાજી રૂપાજી રહે, મુ. દૈયપ, તા. ધરણીધર, જિ. વાવ- થરાદ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી-વ- તલાટી કમ મંત્રીશ્રી, દૈયપ ગ્રૃપ, તા. ધરણીધર

અરજ : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરવા બાબત...

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરવા બાબત. આથી લાગતા વળગતા ઈસમોને આ જાહરે નોટીસથી જાણ કરવામાં આવે છેકે, અરજદારશ્રી વજીર નગાજી રૂપાજી રહે, મુ. દૈયપ, તા. ધરણીધર, જિ. વાવ-થરાદનાઓએ તેમના પુત્ર નામે વજીર નવિનભાઈ નગાભાઈનો જન્મ તા. ૧૦/૦૩/૨૦૦૫ના રોજ દૈયપ મુકામે થયેલ છે. તેની જન્મ નોંધણી દૈયપ ગ્રૃપ ગ્રામ પંચાયત ખાતે થયેલ નથી. જેની અરજદારશ્રીના પુત્રના જન્મ નોંધણી અંગે જે કોઈને વાંધો યા તકરાર હોય તો તેમને અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં જાતે અથવા પોતાના વકીલ માફરતે હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ સર્વેએ લેવી. આજ રોજ તા. ૨૫-૦૩-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરેલ છે.

કોર્ટનો સિક્કો

(કે.એલ. ગોસ્વામી)
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
ધરણીધર

# બધું જ શીખવું એ જ જ્ઞાન નથી,પણ કેટલુંક નજર અંદાજ કરવુ એ પણ જ્ઞાન જ છે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક સમયે, એક જ જગ્યાએ પાંચ વ્યક્તિ ઓ રહેતા હતા.એક આંધળો માણસ,એક લંગડો માણસ,એક ગરીબ માણસ,એક મૂર્ખ અને એક નબળો માણસ.તે બધા પોત પોતાની બીમારીઓથી ખૂબ જ દુઃખી હતાઅને ઘણીવાર પોતાના ભાગ્યને કોસતા હતા. એકદિવસ તેઓ સાથે બેઠા અને પોતાની ફરિયાદો કરવા લાગ્યા.

એક ઊંડો નિસાસો નાખતા, આંધળા માણસે કહ્યું,×અરે! ભગવાને મને દષ્ટિ કેમ નઆપી? જો હું જોઈ શકું તો હું દુનિયાની કેટલી મોટી સેવા કરીશ હું મારા પોતાના આરામની પરવા કર્યા વિના,ગરીબો અને પીડિતોની સેવામાં સતત સમર્પિત થઈશ.

લંગડા માણસ બોલ્યો,×મારી હાલત પણ અલગ નથી.જો મારા પગ સ્વસ્થ હોત,તો હું સારા કાર્યો કરી અને બીજાઓ ને મદદ કરતો હોત.×

ગરીબ માણસે પણ પોતાનું દુઃખ વ્યક્ત કર્યુઃ×જ્યારે હું લોકોને સંપત્તિના અભાવે પીડાતા જોઉં છું,ત્યારે મારું હૃદય દુઃખથી પીડાય છે.જો મારી પાસે સંપત્તિ હોત,તો હું નિરાધારોને મદદ કરત અને ખાતરી કરત કે કોઈને ક્યારેય ગરીબીમાં જીવવું ન પડે.

મૂર્ખ માણસે ટિપ્પણી કરી,×મને જ્ઞાનની ભેટ ન આપવામાં આવી; તે મારી સૌથી મોટી ખામી છે.જો હું વિદ્વાન હોત,તો હું મારા શિક્ષણને ફક્ત બીજાઓના ભલા માટે સમર્પિત કરત,તેનો ઉપયોગ ફક્ત સંપત્તિ એકઠી કરવા માટે ક્યારેય ન કરત.×

નબળો માણસ બોલ્યો, ×જો હું મજબૂત હોત,તો હું ક્યારેય કોઈ પર જુલમ ન કરત;તેના બદલે, હું હંમેશા નબળા લોકોનું રક્ષણ કરતો અને અન્યાય સામે અડગ રહેતો.×

સમય પસાર થતો ગયો,અને એક દિવસ,સંજોગોએ વળાંક લીધો.આંધળા માણસને તેની દષ્ટિ પાછી મળી,લંગડા માણસ ના પગ સાજા થયા,ગરીબ માણસ સખત મહેનતથી ધનવાન બન્યો,મૂર્ખ માણસ વિદ્વાન બન્યો,અને નબળો માણસ અતિશય મજબૂત બન્યો જો કે,તેમની ઈચ્છાઓ પૂર્ણ થતાં જ,તેમના વર્તનમાં પણ પરિવર્તન આવ્યું.આંધળોમાણસ હવે દષ્ટિથી સંપન્ન સુંદર વસ્તુઓ જોવામાં દિવસો અને રાત વિતાવવા લાગ્યો...પોતાની અંદર ખોવાઈ ગયો.તેણે બીજાઓના દુઃખનો કોઈ વિચાર કર્યો નહીં. લંગડો માણસ,જે હવે ચાલવા અને ફરવા માટે સક્ષમ હતો,તે સ્વાર્થથી ભરાઈ ગયો અને સંપત્તિ ભેગી કરવાની દોડમાંડૂબી ગયો.ગરીબ માણસ,જે હવે ધન વાન બની ગયો હતો,તેણે જાહેર કર્યું, ×મેં આ સંપત્તિ મારીપોતાની મહેનતથી મેળવી છે હું તે બીજા કોઈને કેમ આપું?તેણે ગરીબોને મદદ કરવાનું બંધ કરી દીધું.તેવી જ રીતે, વિદ્વાન વ્યક્તિએ સત્ય અને સેવાના મૂલ્યો ભૂલીને પોતાના જ્ઞાનને ફકત પૈસા કમાવવાના સાધનમાં ફેરવી દીધું. મજબૂત માણસ પણ બીજાઓ ને મદદ કરવાને બદલે પોતાના સ્વાર્થ માટે પોતાની શક્તિનો ઉપયોગ કરવા લાગ્યો.હવે, નબળાઓનું રક્ષણ કરવાને બદલે તે તેમને તિરસ્કારથી જોવા લાગ્યો.થોડા સમય પછી, નસીબનું ચક્ર ફરી એકવાર ફર્યું. આંધળો માણસ દૃષ્ટિ ગુમાવી બેઠો;લંગડો માણસ ફરીએકવાર અપંગ થઈ ગયો;ધનવાન માણસ ગરીબ થઈ ગયો;વિદ્વાન વ્યક્તિ એ પોતાની પ્રતિષ્ઠા ગુમાવી દીધી અને મજબૂત માણસ ફરીથી નબળો પડી ગયો હવે,તે બધા પોતાનેએ જ પરિસ્થિતિમાંપાછા મળ્યા જ્યાંથી તેઓ શરૂઆત કરી હતી

આ વખતે,તેમના હૃદય ઊંડા પસ્તાવાથી ભરાઈ ગયા.તેમને પોતાના ભૂતકાળના વચનો યાદ આવ્યા,પણ હવે ઘણું મોડું થઈ ગયું હતું.તક તેમની પકડમાંથી સરકી ગઈ હતી.શું આપણે પણ આ પૈકીના એક તો નથી ને ??

દર વર્ષે એક મહિનો ઠાકોરજી થોડી નિવૃત્તિ લઈ તીર્થમાં નિવાસ કરો.ગૃહસ્થનું ઘર ભોગ ભૂમિ છે. જ્યાં મમતા હોય ત્યાં વિષમતા આવે છે.જ્યાં વિષમતા હોય ત્યાં પાપ આવે છે.તીર્થમાં વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરો. આ તો બધાં ગંગાકિનારે જવાના નથી,એટલે કહીએ છીએકે ઘર માં રહીને ભક્તિ કરજો.બાકી ઘરમાં રહીને ભગવાનની ભક્તિ એવી થાય છેકે સાથોસાથ બાબા-બેબીની પણ ભકિત થાય છે,એટલે ભક્તિ ફળતીનથી.રાસ લીલા એ ભાગવતનું ફળ છે. રાસલીલામાં સ્ત્રી અને પુરુષનું મિલન નથી,પણ પૂર્ણ પુરુષોત્તમ સાથે શુદ્ધ જીવનું આ મિલન છે.

હું પુરુષ છું.હું છુંતે યાદ આવે ત્યાં સુધી ગોપીભાવ જાગતો નથી ગોપીભાવએ સર્વોચ્ચ ભાવ છે.ગોપીભાવમાં સ્ત્રીત્વ અને પુરુષત્વનું વિસ્મરણ છે.તન્મય એવા બનો કે દેહભાન રહે નહીં. સ્ત્રીત્વ અને પુરુષત્વનું સ્મરણ બુદ્ધિમાં હશે ત્યાં સુધી કામ દેહ માં રહેલો છે,જ્યારે તે ભૂલાય ત્યારે ગોપીભાવ થાય છે

ભક્તિમાર્ગમાં ભેદનો નાશ કરી અભેદ સિદ્ધ કરવામાં આવે છે. ભક્ત ભક્તિથી ભેદને નાશ કરી શ્રીકૃષ્ણ સાથે એક બને છે.રાસ લીલા ભાગવતનું મુખ્ય ફળ છે. પ્રથમ પૂતના એટલે વાસનાનો ક્ષય થાય છે,પછી તૃણાવર્તનો નાશ થાય છે,એટલે રજોગુણનો નાશ થાય છે અને જીવનમાં ખૂબ સાત્ત્વિકતા આવે છે.આમ જોકે એક એક ઈન્દ્રિયને ભક્તિ રસથી પુષ્ટિ મળેછે.છેવટેદાવાગ્નિ શાંત થાય છે ત્યારે વેણુગીત સંભળાય છે.આ બધી રાસમાં જવાની તૈયારી છે.ઈશ્વરનું પ્રત્યક્ષ સ્વરૂપ નાદબ્રહ્મમાં તન્મયતા સિદ્ધ થાય એટલે પરબ્રહ્મ મળે છે.

વેણુગીતમાં બ્રહ્મચારિણી ગોપી ઓ સાથે રાસ છે.યજ્ઞ પત્નીઓ ના પ્રસંગમાં વિવાહિતા ગોપીઓ સાથે રાસ છે. ગોવર્ધન લીલામાં વાનપ્રસ્થ ગોપીઓ સાથે થશે.

એક વખત ગોપ બાળકોને કહ્યું, કનૈયા, અમને ભૂખ લાગી છે. કનૈયાએ ગોપબાળકોને બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા ત્યાં મોકલ્યા, પણ બ્રાહ્મણોએ કંઈ ખાવા ન આપ્યું,પણ બ્રાહ્મણોની પત્ની ઓ કનૈયાને ઓળખતી હતી. તેઓ ભોજનસામગ્રી લઈ આવી પ્રભુએએ યજ્ઞ પત્નીઓનોઉદ્ધાર કર્યો.બ્રાહ્મણો રહી ગયા!માટે અન્નદાનની કોઈને કદી ના કહેશો નહીં.હવે ગોવર્ધનલીલાનોઆરંભ થાય છે.ગોવર્ધન લીલા પછી રાસ લીલા આવે છે.ગો એટલે ભક્તિ,ગો એટલે જ્ઞાન.ગોવર્ધન લીલામાં જ્ઞાન અને ભક્તિ વધાર વાના ઉપાયો બતાવ્યા છે.જ્ઞાન અને ભક્તિ વધે તેનો દેહાધ્યાસ છૂટે છે.જેનો દેહાધ્યાસ છૂટે તને રાસ લીલામાં પ્રવેશ મળે છે. જ્ઞાન અને ભક્તિને વધારવા ઘર છોડવું પડશે.ગોપ-ગોપીઓ ઘર છોડી ગિરિરાજમાં ગયા છે.ગૃહસ્થાશ્રમનું વાતાવરણ જ્ઞાન ભક્તિનું વિઘ્ન કરનારું છે એ સારું છે,પરંતુ ઘરને તીર્થ જેવું બનાવો એ ઉત્તમ છે. વૃત્તિ થોડી ઓછી કરી નિવૃત્તિ લો.નિવૃત્તિમાં નિવૃત્તિનો આનંદ આવવો જોઈએ નિવૃત્તિમાં આનંદ મળે તો પ્રવૃત્તિનું ચિંતન કરે છે.માટે નિવૃત્તિનો ભજનાનંદ મેળવવો હોય તો પ્રવૃત્તિનો-લૌકિક સુખનો વિષયાનંદ છોડવો જ પડશે. પ્રવૃત્તિધર્મ છોડ્યા વિનાભક્તિનો ઉદય થતો નથી.ગો એટલે ઈન્દ્રિયો એવો અર્થ પણ થાય છે.ઈન્દ્રિયોની વૃદ્ધિત્યાગથી થાય છે,ભોગથી નહીં. ભોગના માર્ગમાંથી હટાવી ભક્તિ માર્ગ તરફ ઈન્દ્રિયોને વાળજો.ઈન્દ્ર એ ઈન્દ્રિયોના અધિપતિ દેવ છે. એટલે જીવ જયારે નિવૃત્તિ લઈ પ્રભુભજન માં બેસે છે ત્યારે તે વિઘ્ન કરે છે.ઉપનિષદમાં વર્ણન આવે છે કે,જે કોઈ સતત બ્રહ્મ ચિંતન કરે તેના ચિંતનમાં વિઘ્ન ઈન્દ્ર કરે છે.એને સતત બીક રહે છે કે,આ ધ્યાનમાં આગળ વધશે તો અમારા માથા ઉપર પગ મૂકી ને જશે.એટલે મનુષ્યના સત્કર્મ માં બીજા મનુષ્યો વિઘ્ન કરે છે તેમ સ્વર્ગના દેવો પણ પરમાત્મા ના ધ્યાનમાં વિઘ્ન કરે છે જીવ સતત પરમાત્માનું ધ્યાન કરે તો સ્વર્ગના દેવો કરતાં પણ તે શ્રેષ્ઠ બને છે,તેથી દેવો વિઘ્ન કરે છે તે વખતે મારા ગોવર્ધનનાથનો આશ્રય લેજો.ગોવર્ધનલીલારાસ લીલા ઉપોદ્ઘાત છે. ગોવર્ધનલીલામાં પૂજ્ય અને પૂજક એક બને છે.પૂજા કરનાર શ્રીકૃષ્ણ છે. જેની પૂજા થાય છે તે પણ શ્રીકૃષ્ણ છે ભગવાનપોતે ગિરિરાજમાં પ્રવેશ કરે છે.પૂજ્ય અને પૂજક એક ન બને ત્યાં સુધી આનંદ આવતો નથી.આ અદ્વૈતનું પ્રથમ પગથિયું છે.રાસ લીલાએ ફળ છે. ગોવર્ધનલીલા જ્ઞાન અને ભક્તિને વધારનારી લીલા છે. જ્ઞાન અને ભકિત વધે છે,ત્યારે રાસલીલામાં પ્રવેશ મળે છે અને જ્ઞાન અને ભક્તિ વધે છે ત્યારે ઈન્દ્રિયો વાસનાનો વરસાદ વરસાવે છે.

આજના ચિંતનાત્મક લેખની શરૂઆતની વાર્તા આપણને શીખવે છેકે જ્યારે પણ આપણી પાસે ક્ષમતા,જ્ઞાન,સંપત્તિ કે શક્તિ હોય છે,ત્યારે આપણે તેનો ઉપયોગ બીજાના કલ્યાણ માટે કરવો જોઈએ.ફક્ત સંજોગો બદલાય તેની રાહ જોવાને બદલે,વર્તમાન ક્ષણમાં સારા કાર્યો કરવા જરૂરી છે. કારણ કે સમય સતત રહેતોનથી અને તકો વારંવાર આવતી નથી. ×સંપૂર્ણ સમય×ક્યારેય સરળતા થી આવતો નથી;વ્યક્તિએ સમયને પોતાને સંપૂર્ણ બનાવવો જોઈએ.આજથી, સંપૂર્ણ ક્ષણની રાહ જોતા સારા કાર્યોને મુલતવી રાખવાને બદલે, ચાલો તેને હમણાં જ કરીએ.અસ્તુ.

### હાઈવે પર ઓવરસ્પીડ અને બેદરકારીભર્યું ડ્રાઈવિંગ બન્યું જાનલેવ; હિંમતનગર-વિજાપુર રોડ અને NH-૪૮ પર ઘટનાઓ

# હિંમતનગર પંથકમાં અકસ્માતોની કાળી છાયા : સાબરકાંઠામાં ૨૪ કલાકમાં ત્રણ ગમખ્વાર અકસ્માતઃ બેના મોત, ચાર ઘાયલ







(ગરવી તાકાત) હિંમતનગર તા.૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બનેલા ત્રણ ગંભીર માર્ગ અકસ્માતોમાં બે લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ચાર લોકો ઘાયલ થયા છે. હિંમતનગર-વિજાપુર સ્ટેટ હાઈવે તથા નેશનલ હાઈવે-૪૮ પર બનેલી આ ઘટનાઓને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

પ્રથમ અકસ્માત સોમવારે સવારે હિંમતનગર-વિજાપુર સ્ટેટ હાઈવે પર બન્યો હતો, જ્યાં ઝડપી દોડતી સ્કોર્પિયો કારએ ટ્રેક્ટર-ટ્રેલરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેક્ટર રસ્તાની સાઈડમાં જઈ પડ્યું હતું.

આ દુર્ઘટનામાં ટ્રેક્ટરચાલક ખેડૂત રાકેશસિંહ અર્જુનસિંહ મકવાણા (ઉંમર આશરે ૪૦, રહે મોર ડુંગરા) ટાયર નીચે દબાઈ જતા ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. ફાયર વિભાગે ૧૫ મિનિટની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. અન્ય બે લોકોને ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયા છે.

બીજો અકસ્માત ગાંભોઈ નજીક રણાસણ ત્રણ રસ્તા ઓવરબ્રિજ પાસે બન્યો હતો. શામળાજી તરફથી આવતી આઈશર ટ્રકે રોડ ક્રોસ કરી રહેલી બાઈકને અડફેટે લીધી હતી.

બાઈક પર સવાર ત્રણેય યુવાનો હિંમતનગરના વાટડા ગામના હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માતમાં નીતિનસિંહ રંગુસિંહ પરમાર (ઉંમર ૩૫)નું મોત થયું હતું, જ્યારે નારણસિંહ વજેસિંહ પરમારને ગંભીર ઈજા અને દલપત પરમારને સામાન્ય ઈજાઓ પહોંચી છે. પોલીસે ટ્રક કબજે લઈ તપાસ શરૂ કરી છે.

ત્રીજી ઘટના રવિવારે મધરાતે NH-૪૮ પર વિરાવાડા નજીક બની હતી. અમદાવાદના એક પરિવાર દ્વારા કાર હોટલ પાસે પાર્ક કરીને જમવા ગયા હતા, તે દરમિયાન બેફામ દોડતી ટ્રકે વીજ થાંભલો તોડી પાર્ક કરેલી કારને ટક્કર મારી હતી. કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો, પરંતુ પરિવાર કારમાં ન હોવાને કારણે ચમત્કારિક રીતે તમામનો બચાવ થયો હતો. પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી છે.

જિલ્લામાં વધતા માર્ગ અકસ્માતો ચિંતાનો વિષય બની રહ્યા છે.

ખાસ કરીને હાઈવે પર ઓવરસ્પીડ અને બેદરકારીપૂર્વકનું ડ્રાઈવિંગ નિર્દોષ લોકોના જીવ લઈ રહ્યું છે. પોલીસે વાહનચાલકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શિહોરી માર્કેટ યાર્ડમાં તમાકુની ૩૫,૦૦૦ ગુણીની આવક

## હરાજીમાં ખેડૂતોને રૂ. ૧૪૦૦ થી ૨૩૫૦ સુધીના ભાવ મળ્યા



(ગરવી તાકાત) કાંકરેજ તા.૬

કાંકરેજ તાલુકાના શિહોરી સરદાર પટેલ માર્કેટ યાર્ડમાં તમાકુની સિઝનનો પ્રારંભ થયો છે. આજે અંદાજે ૩૫,૦૦૦ ગુણી તમાકુની આવક નોંધાઈ હતી.

થરા માર્કેટ યાર્ડના ચેરમેન ઈશ્વરભાઈ પટેલની દેખરેખ હેઠળ યોજાયેલી હરાજીમાં તમાકુના ભાવ રૂ. ૧૪૦૦ થી રૂ. ૨૩૫૦ સુધી બોલાયા હતા. હાલ માર્કેટ યાર્ડમાં આશરે ૩૦ જેટલા વેપારીઓ દ્વારા તમાકુની ખરીદી ચાલી રહી છે.

શિહોરી માર્કેટ યાર્ડમાં ખેડૂતો માટે બેસવા અને જમવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. થરા માર્કેટ યાર્ડના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, ડિરેક્ટર મુકેશભાઈ રાવલ, તેમજ શિહોરી માર્કેટ યાર્ડના પ્રમુખ ચિરાગ જોશી અને વેપારીઓ દ્વારા આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોમાં સંતોષ જોવા મળ્યો હતો. માર્કેટના વહીવટકર્તાઓ ખેડૂતોને સુવિધાઓ અને યોગ્ય ભાવો મળે તે સુનિશ્ચિત કરવા પર નજર રાખી રહ્યા છે.

### પાટણમાં કચેરી ખાલી, પોલીસનો સઘન સર્ચ ઓપરેશન

## સાયબર ક્રાઈમની મદદથી ઈ-મેલના સ્ત્રોત સુધી પહોંચવાનો પ્રયાસ; સુરક્ષાને પ્રાથમિકતા આપતા કામકાજ સ્થગિત



(ગરવી તાકાત) પાટણ તા.૬

ગુજરાતની વિવિધ RTO કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈ-મેલ મળતાં રાજ્યભરમાં ચકચાર મચી ગઈ છે. આ ધમકીઓના પગલે પાટણ RTO કચેરી ખાતે તાત્કાલિક સુરક્ષા પગલાં લેવામાં આવ્યા હતા અને કચેરીને ખાલી કરાવવામાં આવી હતી.

પાટણ LCB PI આર. જે. ઉનાગરના જણાવ્યા મુજબ, અન્ય જિલ્લાઓમાં મળેલી સમાન ધમકીઓને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગરૂપે પાટણ RTO કચેરી ખાલી કરાવવામાં આવી હતી. કચેરીના તમામ કર્મચારીઓ અને કામકાજ માટે આવેલા અરજદારોને સુરક્ષિત રીતે પરિસર બહાર મોકલી દેવાયા હતા.

ઘટનાની જાણ થતાં જ પાટણ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર RTO કચેરી પરિસરમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સાથે જ આ ધમકીભર્યા ઈ-મેલના મૂળ સ્ત્રોત સુધી પહોંચવા માટે સાયબર ક્રાઈમ વિભાગની મદદ લેવામાં આવી રહી છે.

કચેરી અચાનક ખાલી કરાવાતા અનેક અરજદારોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, કોઈપણ અનિચ્છનીય બનાવને અટકાવવા માટે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

પોલીસ દ્વારા હાલ સમગ્ર મામલે તપાસ ચાલુ રાખવામાં આવી છે અને પરિસ્થિતિ પર કડક નજર રાખવામાં આવી રહી છે.

### કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવ્યો; કાયદાને ગેરબંધારણીય ગણાવી રદ કરવાની માંગ

## ઇડર-વડાલી વિસ્તારમાં મુસ્લિમ આગેવાનોનો UCC વિરોધ : પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કર્યુ



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક, ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૬

ઈડર, વડાલી અને માનગઢ તાલુકાના મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) કાયદાના વિરોધમાં ઈડર પ્રાંત અધિકારી રોનકભાઈ પટેલને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આ રજૂઆત ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિના આહવાન પર કરવામાં આવી હતી.

વિરોધના ભાગરૂપે જુમ્માના દિવસે મુસ્લિમ સમાજના સભ્યોએ હાથ પર કાળી પટ્ટી બાંધી કાયદા સામે પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો. ઈડર-વડાલી તાલુકાના વિવિધ જમાતોના આગેવાનો આ કાર્યક્રમમાં જોડાયા હતા અને એકસુરે કાયદા સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

આવેદનપત્રમાં જણાવાયું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પસાર કરાયેલ UCC કાયદો મુસ્લિમ શરીયત અને પર્સનલ લોની વિરુદ્ધ છે. આ કાયદો ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪, ૨૫ અને ૪૪ના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.વધુમાં, અનુચ્છેદ ૩૪૨ અને ૩૬૬ હેઠળ અનુસૂચિત જનજાતિઓને આપવામાં આવેલા પરંપરાગત અધિકારોનો ઉલ્લેખ કરી, મુસ્લિમ સમાજને આ જોગવાઈઓમાંથી બાકાત રાખવામાં આવ્યો હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આગેવાનોના જણાવ્યા મુજબ, આ કાયદો લાગુ થશે તો મુસ્લિમ પર્સનલ લોની પરંપરા ખતમ થવાનો ભય છે.

આવેદનપત્રમાં લીવ-ઈન રિલેશનશિપને માન્યતા અને તેની ફરજિયાત નોંધણી અંગે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. આગેવાનોનું માનવું છે કે આ જોગવાઈ સામાજિક અને ધાર્મિક મૂલ્યોને અસર કરે છે.

અંતમાં, આગેવાનોએ આ કાયદાને ગેરબંધારણીય ગણાવી તેને રદ કરવાની માંગણી કરી હતી. ચૂંટણી આચારસંહિતાના પાલન સાથે આ આવેદનપત્ર ઈડર ડેપ્યુટી કલેક્ટરને સુપરત કરવામાં આવ્યું હતું.

### સાબરકાંઠાના ૪ જળાશયોમાંથી રવિ સિઝનનું પાંચમું પાણ પૂર્ણ

## હાથમતી પિકઅપ વિયર ખાલી, પાણીનો વપરાશ અને વર્તમાન સ્થિતિ જાહેર



(ગરવી તાકાત) હિંમતનગર તા.૬

સાબરકાંઠા જિલ્લામાં રવિ સિઝન માટે ચાર મુખ્ય જળાશયોમાંથી સિંચાઈના પાંચ પાણ પૂર્ણ થયા છે. દિવાળી બાદ શરૂ થયેલ પાણી વિતરણ એપ્રિલ મહિનામાં સમાપ્ત થયું છે.

સાબરકાંઠા સિંચાઈ વિભાગ દ્વારા હાથમતી, ગુહાઈ, હરણાવ અને ખેડવા જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન મુજબ જળવિતરણ કરવામાં આવ્યું.

પાંચ પાણ પૂર્ણ થતાં હાથમતી જળાશયમાંથી પાણીનો પ્રવાહ બંધ કરવામાં આવ્યો છે. પરિણામે, હિંમતનગર નજીક આવેલો હાથમતી પિકઅપ વિયર ખાલી થઈ ગયો છે.

સિંચાઈના પાંચ પાણ દરમિયાન જળાશયોમાંથી થયેલા પાણીના વપરાશની વિગતો પણ જાહેર કરવામાં આવી છે. ગુહાઈ જળાશયમાંથી ૨૮ ટકા, હાથમતીમાંથી ૨૮ ટકા, હરણાવમાંથી ૪૯ ટકા અને ખેડવામાંથી ૫૮ ટકા પાણીનો ઉપયોગ થયો છે.

ગત વર્ષે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ જળાશયોમાં પાણીની સ્થિતિ નીચે મુજબ હતીઃ ગુહાઈ ૯૭ ટકા, હાથમતી ૧૦૦ ટકા, હરણાવ ૧૦૦ ટકા અને ખેડવા ૭૬ ટકા ભરાયા હતા.

તાજેતરમાં ૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નોંધાયેલ માહિતી મુજબ, જળાશયોમાં પાણીનો સંગ્રહ આ પ્રમાણે છેઃ ગુહાઈ ૬૯ ટકા, હાથમતી ૭૨ ટકા, હરણાવ ૫૧ ટકા અને ખેડવા ૧૮ ટકા.

### કાંકરેજ અને ઓગડ તાલુકામાં ૬ જિલ્લા પંચાયત અને ૪૦ તાલુકા પંચાયતની ચૂંટણીમાં

## પ્રથમ દિવસે કાંકરેજમાં ૯ અને ઓગડ તાલુકામાં ૨૦ ફોર્મનું કરાયેલ વિતરણ



(ગરવી તાકાત) કાંકરેજ તા.૬

૬ એપ્રિલ ના રોજ તાલુકા જીલ્લા પંચાયતની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતાં જ રાજકીય પક્ષોમાં ભારે ગરમાવો જોવા મળ્યો છે ત્યારે કાંકરેજ મામલતદાર કચેરીમાં જિલ્લા પુરવઠા અધિકારી નિનામા ની અધ્યક્ષ સ્થાને અધિકારીઓ અને કર્મચારીઓની બેઠક યોજાઈ હતી જેમાં ચૂંટણીલક્ષી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી ત્યારે કાંકરેજ તાલુકામાં ૨૦ તાલુકા પંચાયત અને ૩ જિલ્લા પંચાયત સીટ ઉપર ૯ ફોર્મ વિતરણ થયું હોવાનું કાંકરેજ મામલતદાર ગૌતમ દરજીએ જણાવ્યું હતું જેમાં ૧૪ તાલુકા પંચાયત સીટ ઉપર કાંકરેજ તાલુકા મામલતદાર ચૂંટણી અધિકારી તરીકે કામ કરશે અને ૬ તાલુકા પંચાયત સીટ ઉપર કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી નરેશભાઈ ચૌધરી ચૂંટણી અધિકારી તરીકે કામ કરશે ત્યારે ઓગડ તાલુકામાં ૩ જિલ્લા પંચાયત અને ૨૦ તાલુકા પંચાયતની સીટો ઉપર ૨૦ ઉમેદવારી ફોર્મ વિતરણ કરવામાં આવ્યું હોવાનું ઓગડ તાલુકાના મામલતદાર કિરણ ગૌસ્વામીએ જણાવ્યું હતું.

જેમાં ૧૧ એપ્રિલ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે ત્યારબાદ ૧૩ એપ્રિલ ફોર્મ ચકાસણી માટે જ્યારે ૧૫ એપ્રિલે ફોર્મ પરત ખેંચવા માટે છે ત્યારે હવે ૨૬ એપ્રિલ ના રોજ સવારે વહેલા મતદાન થશે અને ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવશે.

### ઇકોની ટક્કરે ફંગોળાયેલ મહિલા પોલીસે પહેરેલ હેલ્મેટ નીકળી જતાં માથામાં ઇજા

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી એ કટીવા ઉપર પામોલથી વિસનગર આ વી રહ્યા હતા, તે દરમિયાન ઈકોચાલકે એ કટીવાને ટક્કર મારતાં હેલ્મેટ માથામાંથી નીકળી જતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. જે બનાવ અંગે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

વિજાપુર તાલુકાના પામોલમાં રહેતાં પુરીબેન અશોકભાઈ ચૌધરી વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. પુરીબેન ગત ૨૯ માર્ચના રોજ તેમનું એ કટીવા (જીજે ૦૨ એ ચબી ૫૪૧૬) લઈ સાસરીમાં સામાજિક કામ હોવાથી નોકરીનું કામકાજ પતાવી પામોલ ગયા હતા.

જ્યાંથી બીજા દિવસે સવારે વિસનગર આવવા નીકળ્યા હતા. તે દરમિયાન તાલુકાના ગોઠવા બસ સ્ટેન્ડ નજીક સામેથી આ વતી ઈકોના ચાલકે એ કટીવાને ટક્કર મારતાં પુરીબેન નીચે પટકાયા હતા.

### સાંસદ ગેનીબેન ઠાકોરનો આક્ષેપઃ વાવના ધારાસભ્ય દોઢ વર્ષથી જનતા વચ્ચે ગાયબ

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પૂર્વે કોંગ્રેસની સેન્સ પ્રક્રિયામાં ભાજપા પર નિશાન; વિકાસ મુદ્દે ઉઠાવ્યા અનેક પ્રશ્નો





(ગરવી તાકાત) પાલનપુર તા.૬

બનાસકાંઠા જિલ્લાના વાવ વિસ્તારમાં રાજકીય ગરમાવો વધ્યો છે. સાંસદ ગેનીબેન ઠાકોરે વર્તમાન ધારાસભ્ય પર તીખા પ્રહારો કરતા આક્ષેપ કર્યો છે કે તેઓ છેલ્લા દોઢ વર્ષથી લોકો સમક્ષ દેખાયા નથી.

આ નિવેદન તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે કોંગ્રેસ દ્વારા ધરણીધર તાલુકાના ટડાવ શીતળા માતાના મંદિરમાં યોજાયેલી સેન્સ પ્રક્રિયા દરમિયાન આપ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ગેનીબેન ઠાકોરે જણાવ્યું કે, હાલના ધારાસભ્ય લોકો વચ્ચે જોવા મળતા નથી અને તેમના પ્રશ્નો સાંભળવામાં પણ રસ દાખવતા નથી. તેમણે ભાજપ પર નિશાન સાધતા ઉમેર્યું કે જો ભાજપે છેલ્લા ૩૦ વર્ષના શાસનમાં વિકાસના કામો યોગ્ય રીતે કર્યા હોત, તો આજે કોંગ્રેસને કાર્યકરો શોધવાની જરૂર ન પડતી.

પોતાના ધારાસભ્ય કાર્યકાળનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તે સમય દરમિયાન ગામડાઓમાં ડામરના રસ્તાઓ બનાવવામાં આવ્યા હતા અને લોકોની સમસ્યાઓને પ્રાથમિકતા આપવામાં આવતી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે, પોતે સતત ગામડે ગામડે ફરીને લોકો સાથે સંપર્કમાં રહે છે, જ્યારે વર્તમાન ધારાસભ્ય લાંબા સમયથી ગેરહાજર છે. આ મુદ્દે તેમણે સ્થાનિક જનતામાં અસંતોષ હોવાનું પણ જણાવ્યું હતું.

### કટોસણ-સાંથલ રોડ પર અકસ્માત : માઇલસ્ટોન સાથે અથડાતાં બાઇકચાલક યુવાનનું મોત

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

જોટાણા તાલુકાના કટોસણથી સાંથલ તરફ જઈ રહેલા ૩૦ વર્ષીય યુવાને બાઈક પરથી કાબૂ ગુમાવતાં માઈલસ્ટોન સાથે અથડાતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

કટોસણ ગામના રહેવાસી નરપતસિંહ ગણપતસિંહ ઝાલા (૩૦ વર્ષ) પોતાનું બાઈક લઈને શનિવારે સાંજના સમયે કટોસણથી સાંથલ તરફ જઈ રહ્યા હતા.

ત્યારે કટોસણ-સાંથલ રોડ પર ઈંટના ભઠ્ઠા સામે તેમનું બાઈક માઈલસ્ટોન સાથે અથડાઈ ગયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે નરપતસિંહને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પહેલા જોટાણાની ખાનગી હોસ્પિટલ, ત્યાર બાદ જોટાણા સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

મૃતકનું પોસ્ટમોર્ટમ મહેસાણા સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. આ ઘટનાની જાણ કટોસણ ગામના મૃતકના કાકા માલભા જાલમસિંહ ઝાલાએ સાંથલ પોલીસ સ્ટેશનમાં કરી હતી.

Volume : 11 Issue : 350 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002